## વ્યારાના ભાનાવાડી ગામે સૂકું ઝાડ ધરાશાયી



વ્યારાઃ વ્યારાના ભાનાવાડી ગામે ગામઠાણ ફળિયામાં આંગણવાડી પાસે આવેલું વર્ષો જૂનું સામરાનું સૂકું ઝાડ ગત મંગળવારે વહેલી સવારે એકાએક ધરાશાયી થઈ જતાં આંગણવાડીની કેમ્પસમાં પડતાં કેમ્પસની દીવાલ તૂટી ગઈ હતી. ઘટના દરમિયાન આંગણવાડી બંધ હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી અને કોઈ જાનહાનિ થઇ ન હતી. વર્ષો જૂનું વૃક્ષ છેલ્લા ઘણા સમયથી તૂટી પડે તેવી સ્થિતિમાં હતું. તેમ છતાં ગ્રામ પંચાયત દ્વારા સૂકા વૃક્ષને દૂર કરવા કોઈ તસ્દી લેવામાં ન આવતાં ગતરોજ વૃક્ષ તૂટી પડ્યું હતું.

# ગરમીનો નવો રાઉન્ડઃ ભરૂચ અને તાપીમાં પારો 40ને પાર

**બપોરે** 12 વાગ્યાની આસપાસ જ રસ્તા સૂમસામ બન્યા



વાલોડ, ભરૂચઃ ગુરુવારે ભરૂચ અને તાપીમાં ગરમીનો પારો 40 ડિગ્રી ઉપર જતાં બપોરના સમયે રસ્તા સૂમસામ જોવા મળ્યા હતા.

સમગ્ર ગુજરાતમાં ગરમીનો નવો રાઉન્ડ શરૂ થયો હોય ત્યારે તાપી જિલ્લામાં બે-ત્રણ દિવસ અગાઉ કેટલીક જગ્યાએ કમોસમી વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. બાદ ગુરુવારે વાલોડ વિસ્તારમાં સૂર્યદેવે આકરું સ્વરૂપ ધારણ કર્યું છે. વાલોડ તાલુકામાં ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયન્સ પર પહોંચતાં બપોરે 12 વાગ્યાની આસપાસ જ રસ્તાઓ જાણે સૂમસામ બન્યા હતા. લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. તો બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે વિવિધ પક્ષના નેતાઓ કાર્યકરો પણ બપોરે પ્રચાર કરવાનું ટાળી રહ્યા છે. કાળઝાળ ગરમીના કારણે લોકો ઘરમાં પણ અકળાઈ ઊઠ્યા છે. બપોરના સમયે જાણે વાલોડ વિસ્તારમાં કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ આવનારા દિવસોમાં ગરમીમાં વધારો થશે મુજબનું જણાવ્યું હોવાથી લોકોને કામ વગર બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં તાપમાનનો પારો 45 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. તો અંકલેશ્વરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જેને કારણે લોકો આગની ભઠ્ઠીમાં શેકાયા હોય એવો માહોલ જોવા મળ્યો હતો.

### કાળઝાળ ગરમીથી બચવા આટલું કરો

આ કાળઝાળ ગરમીને ધ્યાને લઈ વાલોડ તાલુકા હેલ્થ ઓફિસર ચિરાગ પટેલે જણાવ્યું હતું કે, કામ વગર ઘરની બહાર ન નીકળવું તેમજ બપોરના સમયે ભારે કામ કરવાનું ટાળવું, વધુ પ્રમાણમાં પાણી પીવું, કેફિનયુક્ત અથવા ખાંડવાળા પીણાં પીવાનું ટાળવું, આછા રંગનાં કપડાં પહેરવા, બહાર હોવ ત્યારે કામ વચ્ચે વારંવાર આરામ લેવો તેમજ માથું દુખે અથવા ચક્કર આવે તો તુરંત હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી જવું.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીના આર.એન.જી.પી.આઈ.ટી.ના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય સિદ્ધિ



બારડોલીઃ દહેરાદૂનની શિવાલિક કોલેજયોજિત રાષ્ટ્રીય સ્તરની હેકાથોન સ્પર્ધામાં બારડોલીની આર.એન.જી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આર.એન.જી.પી.આઈ.ટી.)ના વિદ્યાર્થીઓએ અદભૂત સફળતા મેળવી છે. આ સ્પર્ધામાં દેશના ૧૮ રાજ્યોની ૧૮૦થી વધુ કોલેજોએ ભાગ લીધો હતો, જેમાં આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.આઈ.ટી. જેવી દિગ્ગજ સંસ્થાઓનો પણ સમાવેશ થતો હતો. ૩૬ કલાક ચાલેલી આ કઠિન સ્પર્ધામાં આ તમામ પ્રતિષ્ઠિત સંસ્થાઓને પાછળ રાખી આર.એન.જી.પી.આઈ.ટી.ની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સતત ત્રીજી નેશનલ હેકાથોન જીતીને વિદ્યાર્થીઓએ સફળતાની હેટ્રિક પૂર્ણ કરી છે અને ૫૦,૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર જિત્યો છે. શિશ મહેતા, દેવ પટેલ, કૃશ ભગત અને મીત પુરોહિતની બનેલી આ તેજસ્વી ટેક-ટીમે પોતાની કુશળતા સાબિત કરી છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ બાબુભાઈ પટેલ અને મંત્રી મોહનભાઈ પટેલે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં છે. વાસ્તવિક દુનિયાની સમસ્યાઓના ડિજિટલ ઉકેલ શોધવાની આ સ્પર્ધામાં બારડોલીના યુવાનોએ ટેક્નિકલ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

### પલાસિયા પ્રાથમિક શાળાનો ‘અમૃત મહોત્સવ’ ઉજવાયો




વાલોડઃ તાપી જિલ્લાની પલાસિયા પ્રાથમિક શાળાના 75મા સ્થાપના દિવસ નિમિત્તે 21 એપ્રિલ ને મંગળવારે ‘અમૃત મહોત્સવ’ની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય જીજ્ઞેશકુમાર જે. ભંડારીના કુશળ નેતૃત્વ અને શાળાના સમગ્ર સ્ટાફની અથાગ મહેનતથી આ કાર્યક્રમ યાદગાર બન્યો હતો. આ મહોત્સવને સફળ બનાવવા માટે સ્ટાફના સભ્યો હસુબેન, અમિતાબેન અને જ્યોતિબેન દ્વારા રાત-દિવસ જહેમત ઉઠાવવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ સ્ટાફના અનુશાબેન અને દિવ્યાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડો.હિમાંશુ પાવાગઢી, ઉદ્ઘાટક તરીકે બી.આર.સી. કો-ઓર્ડિનેટર હિમાંશુભાઈ ચૌધરી, મુખ્ય મહેમાનો તરીકે ભૂતપૂર્વ શિક્ષકો, અતિથિ વિશેષ તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ખાસ આમંત્રિત મહેમાનો તરીકે તાલુકા પ્રાથમિક સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોએ આચાર્ય અને સ્ટાફની ટીમ વર્ક તથા શાળાની શૈક્ષણિક પ્રગતિની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. આ અવસરે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલનનું સુંદર આયોજન થયું હતું. આચાર્યએ આ સફળતા માટે SMC સભ્યો, દાતાઓ, સાઉન્ડ વ્યવસ્થામાં સહયોગીઓ અને તમામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કામરેજના ઉંભેળ ગામે રહેતા એક સંતાનના પિતાનો ઝેરી દવા પી આપઘાત

કામરેજઃ કામરેજના ઉંભેળમાં રહી ખેતમજૂરી કામ કરતા રાજ ઉર્ફે પ્રવીણ બાબુભાઈ રાઠોડ (ઉં.વ.28) બે દિવસ અગાઉ પત્ની ભાવનાબેન સાથે ખેતમજૂરી કામ માટે ગયા હતા. મજૂરીકામ કરી ઘરે આવી ગયા હતા. રાત્રિના 8 કલાકે પતિ-પત્ની બંને જમીને રાત્રિના આશરે 9.30 કલાકે રાજ ઉર્ફે પ્રવીણભાઈ ઘરના વાડામાં જઈને ઊલટી કરવા લાગ્યાં હતાં. પત્ની ભાવનાબેને જોતા તુરંત જ 108માં સુરત સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન બુધવારે 3 કલાકે હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રાજે ક્યાં કારણોથી આત્મહત્યા કરી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

### કામરેજમાં વ્યાજખોર પિતા-પુત્રના ત્રાસથી કારખાનેદારની પોલીસ ફરિયાદ

કામરેજઃ કામરેજના વાલક ગામે રહેતા અને નવાગામમાં ‘રોયલ ઓઈલ ટ્રેડર્સ’ નામે ફેક્ટરી ચલાવતા ગોપાલભાઈ સાવલીયાએ વ્યાજખોર પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગોપાલભાઈએ વર્ષ-2022માં હરેશ શામજી ઠુમ્મર પાસેથી રૂ.10 લાખ 3% વ્યાજે લીધા હતા, જેમાંથી રૂ.5.65 લાખ ચૂકવી દીધા હતા. તેમ છતાં, હરેશ અને તેના પુત્ર કેનીલે વ્યાજ ગણી રૂ.36 લાખની ઉઘરાણી શરૂ કરી હતી. આરોપીઓએ બળજબરીથી રૂ.39 લાખનું લખાણ કરાવી, ટેબલના ખાનામાંથી 5 ચેક લઈ લીધા હતા. એટલું જ નહીં, પઠાણી ઉઘરાણી કરી ફેક્ટરીને તાળાં મારી ચાવી પડાવી લેતાં અંતે ભોગ બનનારે કામરેજ પોલીસ મથકે ન્યાયની ગુહાર લગાવી છે.

### તરસાડી નગર કોંગ્રેસ પ્રમુખ ભાજપમાં જોડાયા

હથોડાઃ કોસંબા જિલ્લા પંચાયત સીટના કોંગ્રેસી ઉમેદવારે પોતાનું ફોર્મ પરત ખેંચી લેવાની સ્યાહી સુકાઈ નથી ત્યાં તરસાડી નગર કોંગ્રેસના પ્રમુખ ગીરીરાજ સિંહ કોંગ્રેસનો સાથ છોડી દઈ ભાજપમાં જોડાઈ ગયા છે. તાજેતરમાં ચૂંટણી યોજાય એ પહેલાં તરસાડી કોંગ્રેસ પ્રમુખ ગીરીરાજસિંહ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દઈ માંગરોળના ધારાસભ્યની હાજરીમાં તરસાડી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ભાજપમાં વિધિવત રીતે જોડાઈ ગયા છે

### પાલોદ પોલીસની હદમાં રિક્ષાની ચોરી

હથોડાઃ પાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વાહન ચોર ટોળકી સક્રિય બની છે. પોલીસના હાથે ઝડપાય તે પહેલાં તસ્કરોએ વધુ એક ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખોલી નાંખી છે. ઘટનાની વિગત મુજબ પાલોદના સાંઈ શોપિંગ સેન્ટરમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ઉસમાન વલ્લી પોચીયાએ પોતાની રિક્ષા નં.(GJ 16 Y 6973) મોટા બોરસરા ગામની હદમાં આવેલા નવાપરા વિસ્તારની સિલ્વર બિલ્ડિંગના પાર્કિંગમાં પાર્ક કરી હતી. રાત્રિના સુમારે કોઈ અજાણ્યો તસ્કર આ રિક્ષાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. પોતાની આજીવિકાનું એકમાત્ર સાધન ચોરાઈ જતાં શ્રમજીવી યુવાન પર આભ તૂટી પડ્યું છે. આ મામલે ભોગ બનનારે પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વારંવાર બનતી વાહન ચોરીની ઘટનાઓને પગલે સ્થાનિક રહીશોમાં રોષ અને ફફડાટ જોવા મળી રહ્યો છે.

### વરેલીમાં ફોન પર વાત કરતા યુવાનનું બિલ્ડિંગ પરથી પટકાતાં મોત

પલસાણાઃ મૂળ મધ્ય પ્રદેશના રીવા જિલ્લાના સોહરવા ગામના વતની અને હાલ વરેલીમાં વ્રજધામ સોસાયટી, ચૂના ફેક્ટરીની બાજુમાં આવેલા અશોક શુકલાની બિલ્ડિંગમાં રૂમ નં.૧૬માં રહેતા અમિતકુમાર પવનકુમાર આદિવાસી ગત તા.૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે અંદાજે ૧૦:૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણની સામે આવેલી પાળી પર બેસીને ફોન પર વાત કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમનું શરીરનું સંતુલન ખોરવાયું હતું અને તેઓ અકસ્માતે બિલ્ડિંગની નીચે આર.સી.સી. રોડ પર પટકાયા હતા. આ ગંભીર અકસ્માતમાં અમિતકુમારને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

# ‘ઘર વાપસી’: બારડોલી અભયમ ટીમે વેરવિખેર થયેલા પરિવારની કડી જોડી

**ઘરકંકાસને** કારણે પરિણીતા બે વર્ષથી બે બાળકો સાથે પિયર રહેતી હતી

બારડોલીઃ બારડોલીમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈનની સક્રિયતાને કારણે એક પરિવારનું તૂટતું ઘર ફરી એક થયું છે. છેલ્લાં બે વર્ષથી પોતાના પિયરમાં રહેતી એક પરિણીતાને અભયમ ટીમે કુશળ કાઉન્સેલિંગ દ્વારા તેના સાસરીમાં પુનઃ સ્થાપિત કરાવી છે. આ ઘટનામાં પીડિતા અને તેનાં બે બાળકોને ફરીથી સુખદ આશરો મળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પીડિતા છેલ્લાં બે વર્ષથી સાસરી પક્ષ તરફથી થતા માનસિક ત્રાસના કારણે પોતાના પિયરમાં રહેવા મજબૂર હતી. આ સમયગાળા દરમિયાન પતિ કે સાસરી પક્ષ તરફથી તેને પાછા બોલાવવા માટે કોઈ પણ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. તાજેતરમાં જ્યારે પીડિતાએ પોતાનાં બે બાળકો સાથે સાસરીમાં પરત જવાનો પ્રયાસ કર્યો, ત્યારે સાસરી પક્ષે તેને સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પરિસ્થિતિ વણસતાં પીડિતાએ મદદ માટે 181 અભયમ હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. કોલ મળતાની સાથે જ બારડોલી અભયમ ટીમના કાઉન્સેલર તૃપ્તિ પટેલ, મહિલા પોલીસ શીલા ચૌધરી અને પાયલોટ નીરવ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ટીમ દ્વારા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, ઘરની નાની-નાની બાબતોમાં પીડિતાને દોષિત ઠેરવી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિ ખાનગી નોકરી કરતા હોવા છતાં કૌટુંબિક જવાબદારીઓમાં બેદરકારી દાખવી રહ્યા હતા.

અભયમ ટીમે પીડિતા, તેના પતિ તેમજ સાસુ-સસરા સાથે ગહન કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન ટીમે પરિવારને કાયદાકીય જોગવાઈઓ અને નૈતિક જવાબદારીઓ વિશે વિગતવાર સમજ આપી હતી. ટીમના અસરકારક અને મક્કમ અભિગમને કારણે સાસરી પક્ષે પોતાની ભૂલ સ્વીકારી હતી. પતિ અને સાસરીજનોએ પીડિતાને બે બાળકો સાથે સન્માનપૂર્વક સ્વીકારવાની અને ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો માનસિક કે શારીરિક ત્રાસ ન આપવાની બાંયધરી આપી હતી. અભયમ ટીમના સમયસરના હસ્તક્ષેપને કારણે બે વર્ષથી વિખૂટા પડેલા પરિવારમાં ફરી સુખ અને શાંતિનો માહોલ છવાઈ ગયો છે. પીડિતાએ પોતાના સંસારને બચાવી લેવા બદલ અને સાસરીમાં ફરી પુનઃ સ્થાપન કરાવવા બદલ અભયમ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# વાલોડમાં લોકશાહીનું ચીરહરણ આચારસંહિતા માત્ર કાગળ પર!

**વાલોડમાં** આચારસંહિતાના ભંગ બદલ ચૂંટણી અધિકારીને ફરિયાદ



વાલોડઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના જ દિવસો બાકી છે. ત્યારે વાલોડમાં આચાર સંહિતાનો ભંગ થતાં ચૂંટણી અધિકારીને અરજી કરવામાં આવતાં વિસ્તારનું વાતાવરણ ગરમાયું છે.

એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વિવિધ પક્ષો દ્વારા જોરશોરથી પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. ત્યારે વાલોડના વિવિધ વિસ્તારમાં ભાજપ દ્વારા આચાર સંહિતાનો ભંગ કરવામાં આવ્યો હોય,, વાલોડનાં વિવિધ ફળિયાંમાં જેમ કે નવા ફળિયા હળપતિવાસ, ડોડિયા ફળિયા, શેઢી ફળિયા, સડક ફળિયા જેવા વિસ્તારોમાં ભાજપ દ્વારા મસમોટાં બેનર તેમજ ઝંડા લગાવવામાં આવ્યાં છે. એટલું જ નહીં વીજપોલના વાયર સાથે જ બેનર બાંધવામાં આવ્યાં છે. પવનના કારણે આ બેનરો વીજ તારને જો અડે તો શોર્ટ સર્કિટ થવાની પણ શક્યતા સેવાઇ રહી છે. ભાજપ દ્વારા આચાર સંહિતાનો સરેઆમ ભંગ કરવામાં આવી રહ્યો છે. જેથી વિજયાબેન નાઇક દ્વારા આ અંગે ચૂંટણી અધિકારીને લેખિત ફરિયાદ કરી તેઓ વિરુદ્ધ યોગ્ય પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. હવે જોવું એ રહ્યું કે શું ચૂંટણી અધિકારી આ બેનર્સ તાત્કાલિક ધોરણે હટાવવા આદેશ આપી આવાં તત્ત્વો સામે યોગ્ય પગલાં ભરશે એ જોવું રહ્યું.

# બાલંબામાં સ્મશાનમાં હેન્ડ પમ્પ રિપેર થતાં લોકોને મોટી રાહત



કુકરમુંડાઃ કુકરમુંડાના બાલંબા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવેલા જૂના આમોદા ગામની સીમમાં આવેલું સ્મશાન ગામથી અંદાજે 3 કિલોમીટર દૂર આવેલું હોવાથી ત્યાં આવનારા લોકોને પાણી માટે ખાસ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સ્મશાનમાં આવેલા હેન્ડ પમ્પના પાઈપ ખરાબ થઈ જવાને કારણે છેલ્લા કેટલાક સમયથી પમ્પ સુકાઈ ગયો હતો અને પાણી મળતું નહોતું. આ પરિસ્થિતિમાં ખાસ કરીને ઉનાળાની ગરમી દરમિયાન સ્મશાનમાં આવનાર લોકો તેમજ આસપાસના ખેતરના મજૂરોને પાણી માટે ભારે પરેશાની ભોગવવી પડતી હતી. ગામથી સ્મશાન 3 કિમી દૂર હોવાને કારણે લોકોને પાણી સાથે લઈ જવું અથવા પાછા ગામમાં જઈને પાણી લાવવું પડતું હતું. સ્થાનિક લોકોએ આ સમસ્યાને લઈને તાત્કાલિક સમારકામ કરવાની માંગ ઉઠાવી હતી. અંતે સંબંધિત તંત્ર દ્વારા હેન્ડ પમ્પનું રિપેરિંગ કરવામાં આવ્યું છે. અને હેન્ડ પમ્પમાંથી પાણી મળવાનું ચાલુ થઈ ગયું છે. હવે હેન્ડ પમ્પ ફરી શરૂ થતા સ્મશાનમાં આવનારા લોકોને સ્થળ પર જ પાણી મળી રહ્યું છે, જેના કારણે લોકોને મોટી રાહત મળી છે. ઉનાળાની ગરમીમાં આ સુવિધા ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે.

# રિક્ષા અને બાઈક ચોરીમાં પાવરધો બારડોલીનો સોએબ બોબડો પકડાયો

**દક્ષિણ** ગુજરાતનાં 10થી વધુ પોલીસ મથકમાં વોન્ટેડ હતો

**બારડોલી,** ભરૂચ અને કરજણ સહિતના વિસ્તારોમાં તરખાટ મચાવ્યો હતો




પલસાણાઃ સુરત એલસીબીએ બારડોલીના વાહનચોર સોએબ બોબડાને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી 7 વાહન કબજે કરી 7 ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે, અગાઉ વાહન ચોરીના ગુનામાં પકડાયેલો રીઢો આરોપી સોએબ ઉર્ફે શોએબ બોબડો અલગ અલગ જગ્યાએથી મોટરસાઈકલ ચોરી કરી જે ચોરીની મોટરસાઈકલો લઈ મુંબઈથી અમદાવાદ જતાં નેશનલ હાઈવે નં.48ના સર્વિસ રોડ પર ઊભેલો છે અને ત્યાંથી આ ચોરીનાં વાહનો કોઈ વાહનમાં ભરી વેચાણ કરવા જનાર છે. જે બાતમીના આધારે પોલીસે રેડ કરી આરોપીને ચાર મોટરસાઈકલ, ઓટો રિક્ષા સાથે ઝડપી પાડ્યો હતો. સઘન પૂછપરછ હાથ ધરતાં અલગ અલગ જગ્યાએથી બીજાં વાહનો પણ ચોરી કરી છુપાવેલાં હોય, જે બતાવતાં કામરેજ વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ મૂકેલી વધુ બે ઓટો રિક્ષા રિકવર કરવામાં આવી હતી. તેમજ અન્ય ચોરી કરેલી ઓટો રિક્ષા કીમ પોલીસ સ્ટેશનમાં તથા બીલીમોરા પોલીસમાં ડિટેઈન થઈ ગઈ હતી. પોલીસે શોએબ ઉર્ફે સોએબ બોબડો ઈશાક શેખ (ઉં.વ.28) (રહે.,તલાવડી, તા.બારડોલી)ની ધરપકડ કરી હતી. પોલીસે ત્રણ ત્રણ ઓટો રિક્ષા, ચાર મોટરસાઈકલ, એક મોબાઈલ અને રોકડ મળી કુલ 295460 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે કુલ સાત ગુના ઉકેલવામાં સફળતા મળી છે. આ આરોપી સામે બારડોલી ટાઉન. કીમ, ચીખલી, કામરેજ, ઓલપાડ, ભરૂચ સી ડિવિઝન, કોસંબા, કરજણ, કડોદરા પોલીસ મથકમાં વાહન ચોરીના 22 ગુના નોંધાયેલા છે.

## કડોદરાની ગગન સિલ્ક મિલ્સમાં બાળમજૂરી વિરોધી ટાસ્ક ફોર્સની રેડ

પલસાણાઃ સુરત જિલ્લાની બાળમજૂરી નાબૂદી વિરોધી ટાસ્ક ફોર્સ દ્વારા પલસાણા તાલુકાના કડોદરા-વરેલી સ્થિત ‘ગગન સિલ્ક મિલ્સ પ્રા.લિ. ખાતે રેડ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ૧૭ વર્ષની વયના કુલ ૩ તરુણો કામ કરતા મળી આવ્યા હતા, જે પૈકી બે સુરતના અને એક નવસારીનો વતની છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ બાળકો છેલ્લા બે મહિનાથી સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી ગાડી લોડિંગનું કામ કરતા હતા, જેના બદલામાં તેમને માસિક ૧૨થી ૧૫ હજાર રૂપિયા વેતન ચૂકવવાનું નક્કી કરાયું હતું. ટાસ્ક ફોર્સ દ્વારા મુક્ત કરાયેલા આ ત્રણેય બાળકોને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC)ના આદેશ અનુસાર હાલ વી.આર.પોપાવાલા આશ્રમ ખાતે મોકલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા બાળકોના વય અંગેના દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ જવાબદાર એકમ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ જિલ્લા ટાસ્ક ફોર્સના અધિકારી દ્વારા જણાવાયું હતું.

# ચૈતર વસાવાની પત્નીનો દાવોઃ 7 ટર્મના સાંસદને લાફો!

**સાંસદ** મનસુખ વસાવાએ ‘નીચા કક્ષાનું રાજકારણ’ ગણાવ્યું





ડેડિયાપાડા, ભરૂચ, રાજપીપળાઃ સ્થાનિક ચૂંટણી વચ્ચે રાજકીય તાપ વધી રહ્યો છે. ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાની પત્ની વર્ષા વસાવાએ એક સંબોધનમાં દાવો કરતાં કહ્યું કે ભાજપના નીલભાઈ રાવે 7 ટર્મના ભરૂચ સાંસદ મનસુખ વસાવાને બેઠકમાં લાફો મારી દીધો છે. જો કે, સાંસદ મનસુખ વસાવાએ મારામારીના આરોપને ફગાવી દીધો છે અને આમ આદમી પાર્ટી પર નિમ્ન કક્ષાનું રાજકારણ કરવાનો આક્ષેપ કર્યો હતો.

જાહેર મંચ પરથી વર્ષા વસાવાએ કહ્યું, “ચૈતર વસાવા ચુંટાયા પછી એક દિવસ ઘરે નથી રહ્યા, તેથી ભાજપ સરકારને એ ખૂંચે છે. નાના-નાના કેસ કરીને એમને જેલ મોકલે છે. મંડાળા જિલ્લા પંચાયતનો કેસ કરનાર આપણી સામે જ છે. તેનો બદલો લેવાનો સમય આવી ગયો છે.” તેમણે ઉમેર્યું, “નીલભાઈએ સાંસદ મનસુખ વસાવાને લાફો માર્યો હતો. સાત ટર્મના સાંસદ છતાં લાફો ખાવો પડે તે શરમજનક છે. મનસુખ વસાવાએ તેનો જવાબ આપવો જોઈએ.”

આક્ષેપો પર ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સ્પષ્ટતા કરતાં કહ્યું, “આમ આદમી પાર્ટીએ ખોટા પ્રચારની હદ પાર કરી છે. જિલ્લાની મીટિંગમાં નીલભાઈ રાવ સાથે સામાન્ય વાતચીત થઈ, પણ કોઈ મારામારી કે અભદ્રતા નથી થઈ. મેં અમુક બેઠકો અને સોશિયલ મીડિયા વધુ સક્રિય કરવાની સલાહ આપી હતી. પાર્ટી બેઠકમાં નાનો-મોટો વાદવિવાદ ઘરની બાબત છે, જેને આપના નેતાઓ ખોટી રીતે ચગાવે છે.” તેમણે વધુમાં કહ્યું, “મને ટાર્ગેટ કરવામાં આવે છે. કારણ કે મેં ગુજરાતમાં ચૈતર વસાવા સામે આક્રમક રીતે કામ કર્યું છે. વર્ષાબેન મને વડીલ માને છે, તેમણે આવું બોલવું ન જોઈતું. ચૈતર વસાવાએ એક વખત પોતે કબૂલ્યું હતું કે પાર્ટીના દબાણથી તેમને બોલવું પડે છે.”